## છેતરપીંડીના ગુનામાં ચાર વર્ષથી વોન્ટેડ શખ્સ પકડાયો

ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલિસ સ્ટેશનના બે ગુનાઓ અને સેક્ટર-૨૧ પોલિસ સ્ટેશનના બેઅલગ અલગ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીને સેક્ટર-૭ પોલિસે પકડી



પાડયો છે. પ્રોપર્ટી ખરીદવાની લાલચ આપી સમાચારપત્રમાં જાહેરાત આપીને લોકો સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી આચરતા પંચમહાલના સહેરા વિસ્તારના વલ્લભપુર ખાતે રહેતા આરોપી શિવદાન જયવિરસિંહ સોલંકીને બાતમીને આધારે સહેરાથી સે-૭ પોલિસની ટીમે દબોચી લીધો છે. તેની ઉંડી પુછપરછ પીએસઆઈ વી.આર. પ્રજાપતિએ હાથ ધરી છે.

# સરગાસણ પાસે ફ્લેટનું તાળુ તોડી પોણા બે લાખના દાગીનાની તસ્કરી

### પરીવાર મકાન બંધ કરીને નાથદ્વારા દર્શન કરવા ગયુ ને તસ્કરો કળા કરી ગયા

ગાંધીનગર, તા. ૨૪

સરગાસણ પાસે હડમતીયા ગામ નજીક આવેલા શુકન વિલાસ ફ્લેટમાં રહેતુ એક પરિવાર ગઈકાલે મકાનને તાળુ મારીને નાથદ્વારા દર્શન કરવા ગયુ હતુ. રાત્રી દરમ્યાન આ બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો કળા કરી ગયા હતા. દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશીને તસ્કરો પોણા બે લાખના દાગીના ઉઠાવી રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે મકાન માલીકની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ હડમતીયા ખાતે શુકન વિલાસ ફ્લેટમાં રહેતા રાકેશભાઈ ગોપાલભાઈ ત્રીપાઠી ટીસીએસમાં નોકરી કરે છે. ગઈકાલે રાકેશભાઈ તેમના પરીવાર સાથે નાથદ્વારા દર્શન કરવા ગયા હતા. આજે વહેલી સવારે પડોશીનું ધ્યાન તેમના મકાનના દરવાજા પર પડ્યુ તો તાળુ તુટેલુ જોયુ હતુ. તાત્કાલિક પડોશીએ રાકેશભાઈને ફોન કરીને તાળા તુટ્યા અંગે જાણ કરતા પરીવાર સાથે તેઓ પરત આવ્યા હતા. ઘરે આવીને જોયુ તો રાત્રી દરમ્યાન બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરો મકાનમાં ઘુસીને સોનાનુ મંગળસુત્ર, ત્રણ વીંટી, બુટ્ટીઓ, નાનુ મંગળસુત્ર અને એક મોબાઈલ મળી કુલ રૂ. ૧,૭૮,૦૦૦ની કિંમતની મત્તા સાફ કરી ગયા હતા. રાકેશભાઈએ સે. ૭ પોલીસ મથકમાં ઘરફોડ ચોરી અંગે ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી ડૉગસ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમ બોલાવી ઊંડી તપાસ શરૂ કરી છે.

## સે-૧૬ રંગમંચ ખાતે દુર્ગોત્સવ ઉજવાશે

ગાંધીનગર સ્થિત પુરબાશા કલ્ચરલ એસોસિએશન દ્વારા તા. ૨૬ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન દુર્ગોત્સવનું આયોજન સે-૧૬ રંગમંચ ખાતે કરવામાં આવ્યું છે. આ દુર્ગોત્સવનું ઉદઘાટન રાજયપાલ ઓ.પી. કોહલીના હસ્તે તા. ૨૩ સપ્ટેમ્બરના રાત્રે ૮.૧૫ કલાકે કરવામાં આવશે. આ દુર્ગાપુજા મહોત્સવમાં દરરોજ રાત્રીના સમયે વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. તો આ પ્રસંગે પુરબાશા કલ્ચરલ એસોસિએશનના દરેક સભ્યોને હાજર રહેવા પ્રમુખ આરતી સમાજપતિએ અનુરોધ કર્યો છે.

# સત્યાગ્રહ છાવણી ખાતે પ્રજાપતિ સમાજના ધરણા યોજાયા

ગાંધીનગર, તા.૨૪

રાજયમાં વસવાટ કરતા પ્રજાપતિ સમાજના વિકાસ માટે આ જ્ઞાતિની કેટલાક પડતર પ્રશ્નોને પગલે ગુજરાત પ્રજાપતિ મહાએકતા



અભિયાન દ્વારા છેલ્લા કેટલાક સમયથી માટીકાર અભિયાન શરુ કરી દેવામાં આવ્યું છે. જેને પગલે આજે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે પ્રજાપતિ સમાજના નાગરિકોએ એક દિવસીય ધરણા યોજયા હતા. જેમાં મોટી સંખ્યામાં પ્રજાપતિ સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

રાજયમાં વસવાટ કરતા પ્રજાપતિ સમાજના ૮૦ ટકા નાગરિકો માટી કામના વેપાર ધંધા સાથે સંકળાયેલા છે. સરકારે આ સમાજની કેટલીક માંગણીઓ પડતર રાખી છે. આ માંગણીઓ સરકાર દ્વારા સંતોષવામાં આવે તો પ્રજાપતિ સમાજનો ઉત્કર્ષ અને કલ્યાણ થઈ શકે છે. ગુજરાત માટીકામ કલાકારી બોર્ડને સ્વતંત્રતા આપવી, બોર્ડનું અધ્યક્ષપદ પ્રજાપતિ સમાજને સોંપવું. કલાકારી બોર્ડના અધ્યક્ષને કેબીનેટ મંત્રીનો દરજ્જો આપવો. પાંચ લાખ માટીની ઈંટો બનાવતા વેપારીઓને બોર્ડમાં સમાવેશ કરવો અને સબસીડી જેવા લાભ આપવા તેમજ રોયલ્ટીમાંથી મુક્તિ આપવી પ્રજાપતિ સમાજને રોજગારી મળી રહે તે માટે દરેક ગ્રામ્ય વિસ્તારમાં પાંચ એકર જમીન આપવી સહિતના પ્રશ્નો લઈ પ્રજાપતિ મહાએકતા અભિયાન ચલાવવામાં આવે છે ત્યારે સરકાર સુધી પોતાની વાત પહોંચે તે માટે આજે પ્રજાપતિ સમાજ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસીય ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો તેમ અભિયાનના અધ્યક્ષ દિનેશ પ્રજાપતિએ કહ્યું હતું.



## અલ્પેશ ઠાકોર ધોળાકુવાની મુલાકાતે...

ગાંધીનગરના પાદરે ધોળાકુવા ગામે નવરાત્રિ નિમિત્તે પ્રસિધ્ધ 'ગબ્બર'ની ખ્યાતિ ધીરે ધીરે ચોતરફ ફેલાવા પામી રહી છે. આ ખ્યાતિના પગલે ગાંધીનગર ઉપરાંત બહારથી પણ મુલાકાતીઓ આવી રહ્યા છે. આ નયનરમ્ય 'ગબ્બર' તૈયાર કરવા પાછળ ધોળાકુવા ગામના ઠાકોર સમાજના યુવાનોની સર્જનાત્મકતા રહેલી છે. આ ગબ્બરને નિહાળવા શનિવારે રાત્રે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર પધાર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અલ્પેશ ઠાકોરે રાજયભરમાં વ્યસનમુકિત અભિયાન છેડી યુવાધનને નશામુકત કરાવવા ઉપરાંત રાજયમાં દારૂબંધીના અસરકારક કાયદા તથા અમલ માટે લડત છેડી હતી તેમજ તેની શરૂઆત પોતાના ઠાકોર સમાજથી કરી હતી. જેના કારણે આ સમાજના યુવાનો તેનાથી ખૂબ પ્રભાવિત છે. આ પ્રસંગે ધોળાકુવાના ચિત્રકાર મહેન્દ્ર બુધાજી ઠાકોર દ્વારા રચિત અલ્પેશ ઠાકોરનું ચિત્ર તેમને ભેટ આપવામાં આવ્યું હતું.

# નવરાત્રીથી જ 'ઓનલાઈન' બજારમાં તેજીનો માહોલ

### વિવિધ કંપનીઓની ઈકોમર્સ વેબસાઈટો પર 'શોપીંગ ફેસ્ટિવલ'ના પગલે નગરજનોનું આકર્ષણ વધ્યુ : ડિલિવરી બોયઝ મોડી રાત સુધી વ્યસ્ત

ગાંધીનગર, તા. ૨૪

નવરાત્રી સાથે જ શહેરમાં દિવાળીના ઉત્સવ જેવો માહોલ સર્જાઈ જવા પામ્યો છે અને આ પાવન દિવસોમાં નાગરિકો પોતાના ઘર માટે વસાવવા યોગ્ય ચીજવસ્તુઓની ખરીદી માટે યોગ્ય સમય હોવાનું મુનાસીબ માની રહ્યાં હોવાથી બજારોમાં પણ ઘરાકી ધીમે ધીમે વધવા પામી રહી છે. જો કે શહેરમાં નવી પેઢીમાં હવે 'ઓનલાઈન' ખરીદીનું ચલણ વધ્યુ હોવાથી ઈકોમર્સ વેબસાઈટોને હવે બખ્ખેબખ્ખા થઈ રહ્યાં છે. શહેરમાં હાલ ઓનલાઈન ખરીદી મોટા પાયે થઈ રહી હોવાથી તેના માલની ડિલીવરી માટેના કેરિયર્સ પણ મોટી સંખ્યામાં માર્ગો પર ફરતા જોવા મળી રહ્યાં છે.

હાલ તહેવારોના કારણે મોટા ભાગની ઈ-કોમર્સ વેપાર કરતી વેબસાઈટ કંપનીઓ દ્વારા વિવિધ સેલ કે શોપીંગ ફેસ્ટિવલ આયોજિત કરવામાં આવ્યાં છે. આ સમયે દિવાળીની તૈયારીના ભાગરૂપે નાગરિકો ઘરમાં વસાવવા યોગ્ય ચીજવસ્તુઓની ખરીદી કરવાનું ચલણ ધરાવતા હોવાથી હવે આ પ્રકારના નવા જમાનાના 'સેલ' ભારે લોકપ્રિય બન્યા છે. વળી સ્માર્ટફોનના આગમન અને તેમાં પણ ઈન્ટરનેટ ખૂબજ સસ્તુ થઈ જવાથી શહેરમાં ઓનલાઈન શોપીંગનું ચલણ ખૂબ જ વધી જવા પામ્યુ છે. ઓનલાઈન શોપીંગની ખૂબી એ છે કે તેમાં પ્રોડક્ટ્સ વચ્ચે કમ્પેરિઝન કરવું આંગળીના ટેરવે હોય છે તથા ભાવની સરખામણી પણ કરી શકાય છે. વળી, હાલ ડિસ્કાઉન્ટ ઓફરો પણ ભરપૂર પ્રમાણમાં ઉપલબ્ધ છે. ભાવોમાં પારદર્શિતા પણ આ માર્કેટનું મહત્વ પરિબળ છે. જો કે ગ્રાહકો ઘણીવાર લેભાગુ કંપનીઓમાં છેતરાવાનો ભોગ બને છે તથા ઓનસ્કીન દેખાતી પ્રોડક્ટ હાથમાં આવે ત્યારે સંતોષકારક ક્વોલીટી ના પણ નીકળે તેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. મોટાભાગની વેબસાઈટ પર 'ઈઝીરીટર્ન'ની સગવડ ઉપલબ્ધ હોવાથી પણ ગ્રાહકો ઓનલાઈન ખરીદી માટે આકર્ષાઈ રહ્યાં છે. જેના પગલે હાલ સર્વત્ર 'ઓનલાઈન' બજારમાં ભરપૂર તેજી જોવા મળે છે.



## ચિલોડા શિહોલી ગૃપ માધ્યમિક શાળામાં રાસ-ગરબા

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા શિહોલી ગૃપ માધ્યમિક ઉચ્ચ માધ્યમિક શાળાના પટાંગણમાં નવરાત્રી મહોત્સવ નિત્તે રાસગરબાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. નવરાત્રીના પાવન પ્રસંગે શાળામાં ભક્તિભાવપૂર્વક જગતજનની જગદંબાની આરતી ઉતારી પ્રસાદી સૌ ભક્તજનોએ લીધી હતી. ડી.જે.ના તાલે રાસ-ગરબાની રમઝટ બોલાવી ગરબે ખેલૈયા ઘુમ્યા હતા. આ પ્રસંગે શૈક્ષણિક સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ ટ્રેડીશનલ ડ્રેસમાં પરિધાન ધારણ કરી ડી.જે.ના તાલે વિદ્યાર્થીઓ રાસ ગરબામાં ઝુમી ઉઠ્યા હતા. નવરાત્રી નિમિત્તે રાસ-ગરબાનો કાર્યક્રમ સફળ બનાવવા સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી હતી.

# જુના સચિવાલયમાં કર્મચારીઓ ફુલોવાળા ગરબે ઘુમશે

ગાંધીનગર, તા.૨૪

નવરાત્રીનો માહોલ ચારેકોર જામ્યો છે. નવરાતમાં ગરબે ઘુમીને ખૈલેયાઓ માતાજીની આરાધના કરી રહ્યા છે. ત્યારે જુના સચિવાલયમાં કર્મચારીઓ દ્વારા ત્રિદિવસીય તા. ૨૫, ૨૬, અને ૨૭ સપ્ટેમ્બરના રોજ બપોરના સુમારે ફુલોવાળા ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં કર્મચારી ભાઈ-બહેનો ગરબે ઘુમીને માતાજીની આરાધના કરશે.

આ ત્રિદિવસીય ગરબા મહોત્સવમાં તમામ કર્મચારીઓને ભાગ લેવા માટે ગુજરાત કર્મચારી એકતા સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ તથા ગુજરાત રાજય કર્મચારી મહામંડળના પ્રમુખ સંજય પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આજે નવી દિલ્હી ખાતે ગુજરાત ભવનના નવા મકાનનું ભૂમિપૂજન

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સોમવારે ૨૫ સપ્ટેમ્બરે સવારે નવી દિલ્હીમાં અકબર રોડ પર ૭૦૬૬ ચોરસ મીટર જમીનમાં નિર્માણ પામનારા નવા ગુજરાત ભવનનું ભૂમિપૂજન કરશે. આ નવું નિર્માણ થનારૂ ગુજરાત ભવન કેન્દ્ર સરકારના મંત્રાલયો અને સંસદ ભવનની નજીક પડશે. ગુજરાત સરકારે નવું ભવન બાંધવા કેન્દ્ર સરકાર પાસે જમીન ફાળવવા અગાઉ વખતો વખત કરેલી રજૂઆતનો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સત્તા સંભાળતા જ સ્વીકાર કરીને રાજધાનીના પ્રાઈમ એરિયા ૨૫ બી અકબર રોડ પર જમીન ફાળવી આપી છે.

# સચિવાલયના સિલિંગ ફેન અસુરક્ષિત છેઃ ટેબલ ફેન વસાવોઃ લાભ અનેક અને દુર્ઘટનાથી બચો!

ગાંધીનગરમાં સિલિંગ ફેન આજકાલ ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. જૂના અને નવા સચિવાલયમાં છત પર લગાવેલા વર્ષો જૂના પંખાનો કોઈ ભરોસો નહીં, ક્યારે તે છતનો આસરો છોડી દે તે કહેવાય નહીં..!! એક અનુભવી મરામતકારે કહ્યું કે- 'છતનો ચાલતો પંખો ક્યારેય વચ્ચે પડે નહી, તે ફરતો હોય એટલે કોઈ ખૂણામાં પડે છે. એટલે પંખાની નીચે જે કર્મચારી કામ કરતો હોય તે સેઈફ હોય છે પરંતુ તેના મુલાકાતી અસલામત બને છે.' તેનું કહેવું એવું છે કે- 'સરકારે વર્ષે એક વખત સરકારી સિલિંગ ફેનના નટ અને બોલ્ટ બદલી નાંખવા જોઈએ કે જેથી કોઈ દુર્ઘટના થતી અટકી શકે.' બીજા એક અનુભવી ઓફિસરનું માનવું છે કે 'આત્મહત્યાના બનાવો અટકાવવા હોય તો આપણે સિલિંગ ફેન કાઢીનને ટેબલ ફેન વસાવવા જોઈએ કે જેથી નિર્દોષ લોકોના જીવન બચી શકે. આત્મહત્યાના મોટાભાગના બનાવોમાં પંખે લટકીને જાન ગુમાવી એવું આપણે વાંચીએ છીએ. આવું આપણે અખબારોમાં વાંચવું ન પડે તે માટે સરકારથી જ તેની શરૂઆત થવી જોઈએ.' કામના બોજ હેઠળ ઓફિસર દબાયેલા હોય છે પરંતુ તેમને ક્યારેય ડિપ્રેશનમાં ખરાબ વિચારો આવતા નથી છતાં મિનિસ્ટરો અને આઈએએસ ઓફિસરોની ઓફિસમાં સિલિંગ ફેન નહીં પણ એરકન્ડીશન્ડ અને ટેબલ ફેન જોવા મળે છે, પરંતુ કર્મચારીને એવા વિચારો આવતા હોય છે તેથી પાણી પહેલાં પાળ બાંધીને કર્મયોગીની જીંદગી બચે તેવું પ્લાનિંગ કરીને સિલિંગ ફેન કાઢી નાંખવામાં આવે તો તેનું પરિવાર સરકારને દુઆ આપશે...

### સોશ્યલ મિડીયામાં ગુજરાત કોંગ્રેસનો પ્રભાવ, ભાજપને કાઉન્ટર એટેકર્સની શોધ

**આચાર સંહિતાનો હાઉ, કામો ફટાફટ પતાવી દો...**

ગુજરાતમાં ચૂંટણીની આચારસંહિતાનો હાઉ ઉભો થતાં મુલાકાતીઓની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. સચિવાલયમાં એવી સૂચના આપવામાં આવેલી છે કે આચારસંહિતા પહેલાં કામો પૂર્ણ કરો અને પેન્ડિંગ ફાઈલોનો ઝડપથી નિકાલ કરો. આવી સૂચના સચિવાલયના વિભાગોમાં જ નહીં, બોર્ડ કોર્પોરેશનની કચેરીઓમાં તેમજ જિલ્લાના વહીવટી તંત્રને પણ આપવામાં આવી છે. વિભાગોમાં ફાઈલ નિકાલની ઝૂંબેશ શરૂ કરવામાં આવી હોવાથી મુલાકાતીઓ અને અરજદારોની અવરજવર વધી ચૂકી છે. પાર્કિંગ હાઉસફુલ થઈ જતાં હવે ઈન્ટરનલ માર્ગો પર વાહનો પાર્ક કરવામાં આવી રહ્યાં છે. સંભવ છે કે ઓક્ટોબર મહિનાના બીજા સપ્તાહ સુધીમાં ચૂંટણીની આચારસંહિતા આવી શકે છે તેથી મુખ્યમંત્રી તેમજ ચીફ સેક્રેટરીની કચેરી દ્વારા આવી સૂચનાઓ આપવામાં આવી હોવાનું માનવામાં આવે છે.

**યંગ ઓફિસરો ફેશન શોમાં રેમ્પ વોક કરી શકે...**

ભારતની બ્યુરોક્રેસીમાં પહેલીવાર આઈએએસ ઓફિસરોએ હેન્ડલૂમ ડેમો શો માં હિસ્સો લઈને રેમ્પ વોક કર્યુ છે. મિનિસ્ટ્રી ઓફ ડેવલપમેન્ટ ઓફ નોર્થ ઈસ્ટર્ન રિજીયનના ફેસબુક પેઝમાં ફેશન શો ની વિગતો મૂકવામાં આવી હતી. ૨૦૧૫ની બેચના આઈએએસ ઓફિસરોએ નવી દિલ્હીમાં આ ફેશન શો માં હિસ્સો લીધો હતો. આઈએએસ ઓફિસરોએ બ્યુરોક્રેસીના ઈતિહાસમાં પહેલીવાર રેમ્પવોક કર્યું હતું અને તે પણ હેન્ડલૂમ ડેવલપમેન્ટ માટે તેઓ તૈયાર થયા હતા. બ્યુરોક્રેસી માટે આ એક સારા સમાચાર છે. ભારતમાં ૬૫ ટકાથી વધુ આઈએએસ ઓફિસરો યંગ છે. તેમના પણ અરમાન હોય છે. શોખ હોય છે. અભ્યાસ અને નોકરીની સાથે રિલેક્સ થવા માટે ઓફિસરો જાહેર ફંકશનમાં તેમનું યોગદાન આપતા હોય છે અને તેમાં ખોટું પણ નથી. સચિવાલયના એક જૂનિયર આઈએએસ ઓફિસરે કહ્યું હતું કે આપણે ત્યાં પણ જે લોકો મહત્વના હોદ્દા ધરાવે છે તેઓએ માર્કેટમાં પ્રમોશન માટે તૈયાર થવું જોઈએ. જેમ કે ટુરિઝમ ડિપાર્ટમેન્ટના પ્રમોશન માટે આઈએએસ ઓફિસરોને જાહેરમાં આવવું જોઈએ. હેન્ડલૂમ અને ગરવી ગુજરાત સાથે સંકળાયેલા ઓફિસરો ફેશન શો કરે તો તેમાં ઔચિત્યનો કોઈ ભંગ થતો નથી.

**સચિવાલયમાં કોંગ્રેસના સૂત્રો ધૂમ મચાવે છે...**




વિકાસ ગાંડો થયો છે... પ્રગતિબેન ખોવાયા છે... મારો હાળો છેતરી ગયો... આ સૂત્રો કોંગ્રેસના છે. ચૂંટણી કેમ્પેઈનમાં કોંગ્રેસને નેશનલ એવોર્ડ જીતી શકે તેવા સૂત્રો મળ્યા છે. આ સૂત્રો પાછળ ભેજું કોઈ રાજકીય નેતાનું નથી પરંતુ ગુજરાતના સાહિત્યજગતની ચાર થી પાંચ હસ્તીનું છે કે જેમણે કોંગ્રેસને ચૂંટણી કેમ્પેઈનના સૂત્રો અને સ્લોગનો બનાવવાનું કામ હાથ પર લીધું છે. સચિવાલયમાં કોંગ્રેસના સોશ્યલ મિડીયાના આ સૂત્રો અને સ્લોગનો ધૂમ મચાવે છે. વિધાનસભામાં કોંગ્રેસ આવે કે ન આવે, કોંગ્રેસના સૂત્રોએ મેદાન મારી લીધું છે. સચિવાલયના રોજીંદા કામમાં હવે વિકાસ અને પ્રગતિ શબ્દની જગ્યાએ તેના પર્યાયને વાપરવાની ફરજ પડી છે. ભાજપ સારા સૂત્રધારોની શોધમાં છે. કોઈને આવા સૂત્રધારો મળે તો ભાજપના કોબા ખાતેના કમલમનો સંપર્ક કરવો, એમને દોઢ થી બે મહિના સુધીની જોબ મળી શકે છે. જો તેઓ નોકરી મેળવવામાં સફળ થશે તો ૨૦૧૯માં પણ તેનું એડવાન્સ બુકીંગ કરાવી દેવામાં આવશે.

### ગુજરાતના યંગ ઓફિસરો તેમના વિભાગના પ્રમોશન માટે રેમ્પવોક કરી શકે છે

**સ્કીપ્ટો કરન્સીનું યુવાનોને ઘેલું લાગ્યું છે...**

બીટકોઈન એક એવી કરન્સી છે કે કોઈપણ દેશની કોઈપણ બેન્ક સાથે સીધો સબંધ રાખ્યા વિના વૈશ્વિક કરન્સીનું સ્થાન લઈ શકે છે. બીટકોઈનનો જન્મ જાપાનમાં ૨૦૦૯માં ડોલર, યુરો, યુઆન કે રૂપિયા જેવી કરન્સીના સ્થાને થયો હતો. જગતની આ પહેલી ડીસેન્ટ્રલાઈઝ ઈલેક્ટ્રોનિક કરન્સી છે. આ કરન્સીનું નિયમન એ સેન્ટ્રલ બેન્ક કે સરકાર કરી શકતી નથી. ફાયનાન્સિયલ સૂત્રો કહે છે કે આવનારા બે વર્ષમાં જગતના પાંચ અબજ લોકો આ ક્રીપ્ટો કરન્સીનો ઉપયોગ કરતા હશે. એક એવો અંદાજ છે કે બીટકોઈન ૨૦૩૦માં છઠ્ઠી સૌથી મોટી રીઝર્વ કરન્સી બની જશે. આજે જ્યારે વિવિધ દેશોની સરકાર ખરીદશક્તિ પર નજર રાખી રહી છે ત્યારે બીટકોઈન કરન્સીને કોઈપણ દેશ રોકી શકે તેમ નથી. આજે અમેરિકાનો ડોલર વિશ્વના બજારમાં ધૂમ મચાવી રહ્યો છે ત્યારે ચીન કે જે બીજા નંબરની મોટી ઈકોનોમી છે તેણે બીટકોઈન અને તેના જેવી અન્ય ક્રીપ્ટો કરન્સીને પ્રોત્સાહન આપ્યું છે. ન્યૂજર્સી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીએ તો તેના ગ્રાફિક્સમાં બતાવ્યું છે કે બીટકોઈનના ૫૧ ટકા વપરાશકારો અમેરિકા બહારના છે. ભારતના યુવાનોને ઘેલું લગાડનારી ક્રીપ્ટો કરન્સીની લોકપ્રિયતાને ધ્યાને લઈ મોદી સરકાર 'લક્ષ્મી' નામની ક્રીપ્ટો કરન્સી બહાર પાડવા કરન્સી એક્ટમાં સુધારો સૂચવશે તેવું લાગી રહ્યું છે.

### પેટ્રોલ ભડકો કરાવશે : ભૂખ્યાંજનો નો જઠરાગ્નિ જાગશે, તો ભસ્મકણી ન લાધશે

**મોદીએ વાજપેયી નથી, અમિતભાઇ ધ્યાન રાખે...**

ભારતમાં ઈન્ડિયા શાઈનિંગની હવાનો પરપોટો જ્યારે ફુટ્યો ત્યારે એનડીએ સરકારે તેની સત્તા ગુમાવી હતી. ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની સરકારે ૨૦૦૪ની લોકસભાની ચૂંટણીમાં ઈન્ડિયા શાઈનિંગ અને ફિલગુડ ફેક્ટરના નામે મતો માગ્યા હતા પરંતુ ભાજપનો ધબડકો થયો હતો. હવે એનડીએના બીજા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઈન્ડિયા શાઈનિંગ સાથે ડગ માંડી રહ્યાં છે ત્યારે ૨૦૧૯માં આ ડગલા પાછા ન પડે તે તેમણે જોવાનું છે, કારણ કે મોદી એ વાજપેયી નથી. કહેવાય છે કે વાજપેયીની સરકારમાં ઈન્ડિયા શાઈનિંગનો નારો પ્રમોદ મહાજન લાવ્યા હતા અને હવે મોદી જે કરી રહ્યાં છે તેની પ્રસિદ્ધિ અમિત શાહ કરી રહ્યાં છે. અમિત શાહને ગુજરાતની રાજયસભાની બેઠકમાં ભારે પછડાટ મળી છે, કારણ કે તેમનો ગોલ અહમદ પટેલને હરાવવાનો હતો તેથી તેમણે શંકરસિંહ વાઘેલાને સાથે લીધા હતા પરંતુ તે બૂમરેંગ સાબિત થયું છે. કોંગ્રેસના ચાણક્ય અહમદ પટેલ ચૂંટણી જીતી ગયા છે તે સેડબેક ભાજપ સહન કરી શક્યું નથી. મોદી માટે અમિત શાહ એ પ્રમોદ મહાજન ન બને તેનું ધ્યાન ખુદ મોદીએ જ રાખવાનું છે.

**ગુજરાત કેડરના ઓફિસર શ્રીનિવાસનો ડબલરોલ...**

ગુજરાતમાંથી ડેપ્યુટેશન પર નવી દિલ્હી ગયેલા કે. શ્રીનિવાસ ગુજરાતની નોકરીમાં પણ ચાલું છે. રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે કામ કરતાં શ્રીનિવાસને અચાનક વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં પોસ્ટીંગ આપ્યું છે. શ્રીનિવાસ પાસે સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના મેમ્બર સેક્રેટરીનો પણ હવાલો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નર્મદા યોજના તેમના જન્મદિને રાષ્ટ્રને સમર્પિત કરી છે તેની સાથે સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટને પણ હાથ પર લીધો છે. આ પ્રોજેક્ટ શ્રીનિવાસના વડપણ હેઠળ પૂર્ણ થાય તેવું ઈચ્છી રહ્યાં છે તેથી તેમનો ગુજરાતનો આ હોદ્દો તેમને ચાલુ રાખવામાં આવી શકે છે. શ્રીનિવાસના કારણે મોદીએ ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. આ પ્રોજેક્ટનું ભેજું ગુજરાત કેડરના આ સનદી અધિકારીનું છે. હવે તેઓ ડબલ રોલમાં છે. તેઓ મોદીની જેમ દિલ્હીના યજમાન અને ગુજરાતના મહેમાન છે. મોદીએ ૩૧મી ઓક્ટોબર ૨૦૧૮ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ઉદઘાટન કરવાનો નિર્ણય કર્યો છે.

**પેટ્રોલ-ડિઝલનો ભડકો સરકારો ડૂબાડી શકે છે...**

મોદી સરકારની તિજોરી ભરવાનું કામ કરતા નાણામંત્રી અરૂણ જેટલી એ ભૂલી રહ્યાં છે કે ભારતની જનતામાં હેપીનેસ નહીં હોય તો તે સરકાર માટે ખતરારૂપ બની શકે છે. પેટ્રોલિયમ પેદાશોના ભાવમાં સરકારનો કોઈ અંકુશ નથી પરંતુ ૨૧ ટકા સુધીની એક્સાઈઝ ડ્યુટી વધારી છે તે ઘટાડીને લોકોને સસ્તુ પેટ્રોલ આપી શકે છે. આ પેદાશો પર ભારેખમ વેટનું ભારણ તેઓ દૂર કરી પેદાશોને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ- જીએસટી હેઠળ લાવી શકે છે. જો પેટ્રોલ જીએસટી હેઠળ આવે તો લોકોને ૪૦ રૂપિયે એક લિટર મળી શકે તેમ છે. સરકારના દસ્તાવેજમાં લખ્યું છે કે ત્રણ વર્ષમાં મોદી સરકારે પેટ્રોલિયમ પેદાશોમાં ૨.૭૫ લાખ કરોડનો ટેક્સ લોકો પાસેથી ઉઘરાવી લીધો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ૨૦૧૪માં જ્યારે કાચા તેલના દામ પ્રતિ બેરલ ૧૧૨ ડોલર હતા ત્યારે ભારતમાં એવરેજ પેટ્રોલનો ભાવ લિટરે ૭૩ થી ૭૫ રૂપિયા હતો. આજે કાચા તેલના દામ બેરલદીઠ ૫૩ ડોલર છે છતાં પેટ્રોલના ભાવ ૮૦ રૂપિયા પહોંચી ગયા છે. યુપીએ સરકાર ઈન્ટરનેશનલ બજારને ધ્યાને લઈ આ ભાવવધારો કરતી હતી પરંતુ એનડીએ સરકાર એક્સાઈઝ ડ્યુટી વધારીને ભાવ વધારી રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર ૫૭ ટકા ટેક્સ નાંખીને વાહનચાલકો પાસેથી લૂંટ ચલાવી રહી છે છતાં મોદી ભક્તો મૌન છે.

**વધુ ત્રણ આઇએએસ ડેપ્યુટેશન પર જઇ શકે છે...**

ભારત સરકારે ૨૦૦૦ની બેચના કુલ ૨૬ આઈએએસ ઓફિસરોને જોઈન્ટ સેક્રેટરી તરીકે પસંદ કર્યા છે. આ ઓફિસરોમાં ગુજરાત કેડરના ત્રણ ઓફિસરો છે કે જેમને એમ્પેનલ્ડ કરવામાં આવ્યા છે. આ ઓફિસરોમાં- મિલિન્દ તોરવણે, એમ. થેનારસન અને અનુપમ આનંદનો સમાવેશ થાય છે. આ ત્રણ ઓફિસરોનું દિલ્હી ડેપ્યુટેશન પણ ઝડપથી આવે તેવી સંભાવના છે.